19મો પ્રવાસી ભારતીય દિવસ સમારોહ

19મા પ્રવાસી ભારતીય દિવસ (પીબીડી) સમારોહ માટેની વેબસાઇટ (pbdindia.gov.in) માનનીય વિદેશ મંત્રી, ડૉ. એસ. જયશંકર અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી, શ્રી સુવેન્દુ અધિકારી દ્વારા 11 નવેમ્બર, 2026 ના રોજ નવી દિલ્હીમાં સંયુક્ત રીતે શરૂ કરવામાં આવી હતી. 19મો પીબીડી સમારોહ પશ્ચિમ બંગાળ સરકારની ભાગીદારીમાં 7-9 જાન્યુઆરી, 2027 દરમિયાન કોલકાતા, પશ્ચિમ બંગાળમાં આયોજિત કરવામાં આવશે.

2. પ્રવાસી ભારતીય દિવસ સમારોહ એ ભારત સરકારનો એક મુખ્ય કાર્યક્રમ છે અને તે સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ભારતીય પ્રવાસી સમુદાય સાથે જોડવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ ઉજવાતો, પ્રવાસી ભારતીય દિવસ 9 જાન્યુઆરી, 1915 ના રોજ મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફરવાની સ્મૃતિમાં ઉજવવામાં આવે છે. 19મો પીબીડી સમારોહ વિશ્વભરના પ્રવાસી ભારતીય સમુદાયના સભ્યોને તેમની સિદ્ધિઓની ઉજવણી કરવા, ભારત સાથેના તેમના સંબંધોને વધુ મજબૂત બનાવવા અને દેશની વૃદ્ધિ તથા વિકાસમાં તેમની સતત ભાગીદારી અને યોગદાન માટેના માર્ગો શોધવા માટે એક મંચ પર એકત્રિત કરશે.

3. 19મા પ્રવાસી ભારતીય દિવસ સમારોહની થીમ, 'મૂળ તરફ પુનરાગમન: ભારત સાથે પ્રવાસી ભારતીયોના જોડાણને પુનર્જીવિત કરવું', પ્રવાસી ભારતીયોના તેમની માતૃભૂમિ સાથેના ઊંડાણપૂર્વકના સભ્યતાગત, સાંસ્કૃતિક અને ભાવનાત્મક જોડાણની ઉજવણી કરે છે અને આ ચિરસ્થાયી સંબંધોને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરે છે. તેનો હેતુ વિદેશમાં વસતા ભારતીયોની આગામી પેઢી માટે તેમના મૂળને ફરીથી જાણવા, ભારત સાથે ફરીથી જોડાવા અને સમકાલીન ભારત સાથે તેમની સંલગ્નતાને વધુ ગાઢ બનાવવા માટે અર્થપૂર્ણ તકો ઊભી કરવાનો પણ છે.

4. આ ત્રણ દિવસીય સમારોહનો શુભારંભ યુવા પ્રવાસી ભારતીય દિવસ સાથે થશે. માનનીય પ્રધાનમંત્રી, શ્રી નરેન્દ્ર મોદી આ સમારોહનું ઉદ્ઘાટન કરશે. ભારતના માનનીય રાષ્ટ્રપતિ, શ્રીમતી દ્રૌપદી મુર્મુ સમાપન સત્રની અધ્યક્ષતા કરશે અને પ્રતિષ્ઠિત પ્રવાસી ભારતીય સમ્માન પુરસ્કારો પ્રદાન કરશે. આ પુરસ્કારો ભારતીય પ્રવાસી સમુદાયના સભ્યોના પોતપોતાના સંબંધિત ક્ષેત્રોમાં આપેલા અસાધારણ યોગદાન અને વૈશ્વિક સમુદાય સાથે ભારતના જોડાણને મજબૂત બનાવવામાં તેમની ભૂમિકાને સન્માનિત કરે છે.

5. પીબીડીની વેબસાઇટની સાથે, એક વિશેષ પીબીડી ભારત કો જાનીયે (બીકેજે) ક્વિઝનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો. નવા સ્વરૂપમાં રજૂ કરાયેલી આ ક્વિઝ પ્રવાસી ભારતીય સમુદાય અને વિદેશીઓ વચ્ચે તેની પહોંચને વિસ્તારવા માટે નવીનતમ ગેમિંગ ટેક્નોલોજીનો લાભ લે છે, જે સહભાગીઓને ભારતના વારસા, સંસ્કૃતિ, કલા અને સમકાલીન ઉપલબ્ધિઓ સાથે જોડે છે. આ બીકેજે ક્વિઝ ભારતવર્સ એપ અને વેબસાઇટ (www.bkjquiz.com) પર ઉપલબ્ધ છે, જે એક "સતત

કાર્યરત 24x7" ડિજિટલ પબ્લિક ડિપ્લોમસી પ્લેટફોર્મ છે જેમાં ક્વિઝ, કોયડા (પઝલ), ક્રૉસવર્ડ, વર્ડ સર્ચ, ગેસિંગ ગેમ્સ અને અન્ય ઘણા ઇન્ટરેક્ટિવ મોડ્યુલો સામેલ છે. આ પીબીડી વિશેષ ક્વિઝ નવેમ્બર 11 થી ડિસેમ્બર 20, 2026 સુધી ચાલશે. ત્રણેય કેટેગરીના વિજેતાઓ – બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઇ), ભારતીય મૂળના લોકો (પીઆઇઓ) અને વિદેશીઓને – ભારતના 10-દિવસના ગહન પ્રવાસ માટે આમંત્રિત કરવામાં આવશે અને તેઓ કોલકાતામાં પીબીડી સમારોહમાં પણ ભાગ લેશે.

6. પીબીડીની વેબસાઇટ (pbdindia.gov.in) ના શુભારંભ સાથે સમારોહમાં ભાગ લેવા માટે ઑનલાઇન નોંધણીની શરૂઆત થઈ છે. આ વેબસાઇટ સંભવિત સહભાગીઓ માટે એક વ્યાપક માહિતી અને સુવિધા મંચ તરીકે કાર્ય કરશે, જે તેમની સહભાગિતાને સરળ બનાવવા માટે સમારોહ, તેના કાર્યક્રમ, નોંધણી પ્રક્રિયાઓ, આવાસ, પરિવહન તથા વ્યવસ્થાપન અને અન્ય સંબંધિત વ્યવસ્થાઓની વિગતો પ્રદાન કરશે.

નવી દિલ્હી

11 નવેમ્બર, 2026